# <u>પ્રેસનોટ</u>

- **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઔષધિય વનસ્પતિની ખેતી, પ્રક્રિયા અને બજાર વ્યવસ્થા પર યોજાઈ ગયો એક દિવસનો પરિસંવાદ.**
- **લુપ્ત થતી જતી ઔષધિય વનસ્પતિઓનું સંરક્ષણ કરવાનો અનુરોધ કરતા કુલપતિશ્રી ડો. એન.સી. પટેલ.**

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ઔષધિય વનસ્પતિની ખેતી, પ્રક્રિયા અને બજાર વ્યવસ્થા પરનો એક દિવસનો પરિસંવાદ યોજાઈ ગયો. આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન કરતા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. એન.સી. પટેલએ જણાવ્યુ કે, દિન– પ્રતિદિન લોકોની આયુર્વેદ પ્રત્યેની રૂચિ વધતી જાય છે. તેથી ઔષધિય વનસ્પતિની ખેતી પર વધુ ભાર મુકવાની જરૂર છે. તેમણે જણાવ્યું કે, જંગલમાં ઉગતી વનસ્પતિનું સંરક્ષણ થાય તો જ ઔષધિય વનસ્પતિની માંગને પહોંચી શકાય. તેમણે ઉમેર્યુ કે, ઔષધિય વનસ્પતિની સહકારી મંડળી બને તો તેની ખેતીનો વિકાસ કરી શકાય અને વેચાણ વ્યવસ્થા વધુ સારી રીતે ગોઠવી શકાય. તેમણે લુપ્ત થતી જતી વનસ્પતિઓનું સંરક્ષણ કરવાનો અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે અતિથિ વિશેષ પદેથી બોલતાં ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગરના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો. એસ.સી. પંતએ જણાવ્યુ કે, અમારા બોર્ડે ગૌણ વનસ્પતિઓના ઉત્પાદન ઉપર પણ વધુ ભાર મુકયો છે. તેમણે કહયુ કે, દેશ અને વિદેશમાં પણ ઔષધિય વનસ્પતિની મોટી માંગ છે. પરંતુ માંગના પ્રમાણમાં પુરવઠો નથી. તેમણે ઉમેર્યુ કે, ઔષધિય વનસ્પતિના સંરક્ષણ માટે જનજાગૃતિ લાવવી પણ જરૂરી છે. તેમણે જણાવ્યુ કે, આપણી પાસે જમીન છે, જ્ઞાન છે તેની સાથે જ્ઞાનને અમલમાં મુકવાની સમજ પણ છે પરંતુ પૂરતું વલણ નથી. તેથી જમીન, જ્ઞાન અને ઉત્તમ સમજની સાથે આપણે આપણું વલણ પણ હકારાત્મક બનાવીએ તો જ માંગના સપ્રમાણમાં પૂરવઠો પૂરતા પ્રમાણમાં ઉભો કરી શકીએ.

આ પ્રસંગે બોલતાં વન વિકાસ નિગમ, વડોદરાના સંયુકત નિયામક ડો. એસ.એન. ત્યાગીએ જણાવ્યુ કે, આપણે ત્યાં એંસી લાખ જેટલા આદિવાસી લોકો છે. જેઓનો નિર્વાહ ઔષધિય વનસ્પતિઓ ઉપર જ છે. તેથી ઔષધિય વનસ્પતિ જ એ લોકો માટે રોજી–રોટીનું મુખ્ય સાધન છે. તેમણે કહયુ કે, દેશના ગુંદરના કુલ ઉત્પાદનના ૩૦% ગુંદર ગુજરાતમાંથી પાકે છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગુગળની દેશની જરૂરીયાત ૧૦૦૦ ટનની છે તેની સામે ૫ ટન ગુગળ આપણે પકવી શકીએ છીએ. તેમણે જીવંતી, શતાવરી, ખરખોડી, નશોતર, બિયો, શંખપુષ્પી વગેરે જેવી વનસ્પતિઓની ખેતી તરફ વધુ ભાર મુકવાનો અનુરોધ કર્યો હતો. કારણ કે, આ ઔષધિઓની દેશમાં ખૂબ મોટી માંગ છે.

આ પરિસંવાદના પ્રારંભમાં જનીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગના પ્રાધ્યાપકશ્રી અને આયોજક ડો. ચેતનાબેન માંડવીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે સંશોધન નિયામકશ્રી ડો. સી.જે. ડાંગરીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ. જયારે કાર્યક્રમના અંતમાં ડો. એન.બી. પટેલએ આભાર દર્શન કર્યુ હતુ. આ સેમીનારમાં ૨૫૦ જેટલા ખેડૂતો, ખેડૂત બહેનો, આયુર્વેદ ડોકટરો, ફાર્માસિસ્ટ અને વૈજ્ઞાનિકો હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ડી.આર. મહેતાએ કર્યુ હતુ. આ કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડો. એ.વી. બારડ, પશુ ચિકિત્સા મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડો. પી.એચ. વાટલીયા અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિના નિયામકશ્રી ડો. પી.વી. પટેલ, કુલસચિવશ્રી ડો. આર.એલ. શિયાણી તથા ફોરેસ્ટ ખાતાના આમંત્રિતો ઉપસ્થિત રહયા હતા.

(ચેતનાબેન માંડવીયા)
પ્રાધ્યાપક અને વડા
જનીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ